### સરકાર દ્વારા વહેલી તકે સુવિધાયુક્ત, પાક્કા મકાનની આંગણવાડીનું નિર્માણ કરવામાં આવે તેવી લોકમાંગ

# છોટાઉદેપુરના ભીલપુરમાં આંગણવાડીનું મકાન બિસમાર બન્યું, વારંવાર રજૂઆત છતાં તંત્રના આંખ આડા કાન

નાનકડા ઓરડામાં અનેક બાળકોને બેસાડી અભ્યાસ કરાવાય છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.03
છોટાઉદેપુર જિલ્લાના ભીલપુર ગામે આવેલી આંગણવાડી છેલ્લા 11 વર્ષથી ખસ્તા હાલતમાં ચાલી રહી છે. કાચા મકાનમાં ચાલતી આ આંગણવાડીમાં બાળકોને બેસવા, ભણવા અને રમવા માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નથી. આ આંગણવાડીની દયનીય સ્થિતિ સામે આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેક વખત રજૂઆત છતાં હજી સુધી નવી આંગણવાડીનું નિર્માણ કરવામાં આવ્યું નથી.

છોટાઉદેપુર જિલ્લાના ભીલપુર ગામના ખેર ફળિયામાં આવેલી આંગણવાડી છેલ્લા 11 વર્ષથી કાચા મકાનમાં ચલાવવામાં આવી રહી છે. વરસાદી મોસમ દરમિયાન છતમાંથી પાણી ટપકે છે, જ્યારે



ઉનાળામાં ભારે ગરમીના કારણે બાળકોને બેસવું મુશ્કેલ બને છે. આ આંગણવાડીમાં ન તો યોગ્ય ફર્નિચરની વ્યવસ્થા છે, ન તો પૂરતું ઉજાસ અને હવા માટે વ્યવસ્થા છે. નાનકડા ઓરડામાં અનેક બાળકોને બેસાડી અભ્યાસ કરાવવામાં આવે છે, જેના કારણે તેમના સ્વાસ્થ્ય અને શિક્ષણ બંને પર નકારાત્મક અસર પડી રહી છે.

પાયાના શિક્ષણની આવી હાલત વિકાસના દાવાઓ પર સવાલ ઊભા કરે છે. આંગણવાડીમાં બાળકોને પોષણ આહાર, પૂર્વપ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય માર્ગદર્શન મળવાનું હોય છે, પરંતુ હાલની પરિસ્થિતિમાં આ તમામ સેવાઓ યોગ્ય રીતે મળી શકતી નથી. તંત્રની બેદરકારી ને કારણે છેલ્લા 11 વર્ષથી આંગણવાડી જોખમી કાચા મકાનમાં ચલાવવામાં આવી રહી છે. ચોંકાવનારી વાત એ છે કે જિલ્લા મથકથી નજીક હોવા છતાં આજદિન સુધી કોઈ જવાબદાર અધિકારીએ બાળકોના ભવિષ્ય પ્રત્યે ગંભીરતા દાખવી નથી. કાચા મકાનમાં નાના બાળકોને બેસાડી શિક્ષણ અને પોષણ આપવું એ તંત્રની બેદરકારી દેખાય છે. સ્થાનિક લોકો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર આંખ બંધ કરીને બેઠું છે. હવે પ્રશ્ન સ્પષ્ટ છે– શું કોઈ મોટી દુર્ઘટના પછી તંત્રની નિંદ્રા ખુલશે, કે પછી અહીં ભણતા બાળકોનું ભવિષ્ય હંમેશા આવી જ બેદરકારીના હવાલે રહેશે?ગ્રામજનોનું કહેવું છે કે અનેક વખત સરકારી તંત્રને રજૂઆત કરવામાં આવી છે, છતાં આજદિન સુધી કોઈ નક્કર પગલાં લેવાયા નથી. બાળકોને રમવા માટે કોઈ મેદાન નથી, ન તો સ્વચ્છ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. આ પરિસ્થિતિને કારણે વાલીઓ ચિંતામાં મુકાયા છે

### ગેરકાયદે બાંધકામ સામે લાલ આંખ

## ડભોઈ પાલિકા દ્વારા શિનોર ચોકડી સ્થિત દેવ સદનના બાંધકામ નોટિસ ફટકારાઈ

**બિલ્ડરો** સહિત નગરપાલિકાના રાજકારણમાં પણ ગરમાવો આવી ગયો છે

(પ્રતિનિધિ) ડભોઈ, તા.03
ડભોઈ નગરપાલિકા દ્વારા ડભોઈ માં ચાલી રહેલા બાંધકામ સામે કાયદા નો કોરડો વિંઝવા નુ નક્કી કર્યું હોય એમ દેવ સદન કોમ્પલેક્ષ ના શરૂ થયેલા બાંધકામ ને તાત્કાલિક અસર થી બંધ કરવા નોટિસ ફટકારી છે ડભોઈ માં ગેરકાયદે બાંધકામો ની જાણે ભરમાળ લાગી હોય એમ લાગી રહ્યું છે ડભોઇ માં શિનોર ચોકડી પાસે તાજેતરમાં જ ખુલ્લા મુકાયેલા દેવ સદન ના શરૂ થયેલા બાંધકામ ને અટકાવી દેવા નોટિસ ફટકારી છે જેને લઈ નગરમાં તરેહ તરેહ ની ચર્ચા ઉઠવા પામી છે હવે જોવુ રહ્યું કે નગરપાલિકા ની બાંધકામ શાખા શિનોર ચોકડી સ્થિત ફાઈનલ પ્લોટ ૧૩૦ બાંધકામ બંધ કરવામાં નહીં આવે તો ડભોઇ નગરપાલિકા દ્વારા ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ ૧૯૭૬ તેમજ ગુજરાત નગરપાલિકા અધિનિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે એમ નોટિસ આપી જણાવ્યું છે જેને લઈ નગરપાલિકાના રાજકારણમાં પણ ગરમાવો આવી ગયો છે હવે જોવુ રહ્યું કે બાંધકામ શાખા કાર્યવાહી કરશે ? કે પછી ચલતા હૈ વાળી ચાલવા દેશે ?!

## સંખેડાથી બહાદરપુરને જોડતા ઓરસંગ નદી પરના નવા ડાયવર્ઝન રોડનું આજે ઉદ્ઘાટન કરાયું

**ડાયવર્ઝન** રોડ પર જીઇબીના થાંભલા નડતરરૂપ હોવાથી લોકોમાં ચર્ચાનો વિષય બન્યો



(પ્રતિનિધિ) કવાંટ, તા.03
સંખેડાથી બહાદરપુરને જોડતા ઓરસંગ નદી પરના નવા ડાયવર્ઝન રોડનું આજે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જોકે, આ ડાયવર્ઝન રોડ પર જીઇબીના થાંભલા નડતરરૂપ હોવાથી લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

આ ડાયવર્ઝન રોડનું ઉદ્ઘાટન સંખેડાના ધારાસભ્ય અભેસિંગભાઈ તડવીના હસ્તે કરવામાં આવ્યું હતું. ધારાસભ્યનું ફુલહારથી સ્વાગત કરાયા બાદ લીલી ઝંડી આપી ડાયવર્ઝન ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટન સમયે ઉપસ્થિત લોકોનું ધ્યાન ડાયવર્ઝનની વચ્ચે આવેલા લોખંડના થાંભલાઓ પર ગયું હતું. માહિતી અનુસાર, જીઇબી દ્વારા ડાયવર્ઝન પર નડતરરૂપ એક થાંભલો સંખેડા તરફ અને બે થાંભલા બહાદરપુર તરફ હોવાનું જણાવાયું હતું. આ થાંભલા ખસેડવા માટે આશરે ૩ લાખ રૂપિયાનું એસ્ટીમેટ આપવામાં આવ્યું હતું. ધારાસભ્ય અભેસિંગભાઈ તડવીએ જીઇબીને ટેલિફોનિક જાણ કરીને વહેલી તકે આ થાંભલા ખસેડવા રજૂઆત કરી હતી. જોકે, ડાયવર્ઝન તૈયાર થયા પછી પણ રસ્તા વચ્ચે થાંભલા યથાવત રહેતા અધિકારીઓ અને રાજનેતાઓની બેદરકારી અંગે સંખેડા પંથકમાં ચર્ચાઓ ચાલી રહી છે.

### ડભોઈની આરોગ્યની કામગીરી માંદગીના બીછાને

## સરકારી દવાખાનામાં પણ કર્મચારીઓની ગેરહાજરી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.03
ડભોઈના આરોગ્ય વિભાગ માંદગી ના બિછાને પડતા ડભોઇ માંદુ પડયું હોય એમ લાગી રહ્યું છે ડભોઈ ના સરકારી દવાખાનામાં પણ કર્મચારીઓ બસ ના ટાઈમે આવતા જતાં હોવાને લઇ ડભોઇ શહેર તાલુકાના દર્દીઓને ભારે આપદા વેઠવી પડે છે ડભોઇ તાલુકા આરોગ્ય અધિકારી ચાર્જમાં હોય માત્ર જરૂરી કાગળો પર સહિ કરવા અઠવાડિયામાં ત્રણ દિવસ આવતા હોવાની વિગતો બહાર આવવા પામી છે જેને લઈ ડભોઈ માંદગી ના બિછાને હોવાની વિગતો સપાટી એ આવી છે

ડભોઇ અર્બન હેલ્થ સેન્ટર માં આયુષ્ય માન ની કામગીરી પંદર દિવસ બંધ હોવાની વિગતો બહાર આવતા નગરજનો માં નારાજગી જોવા મળે છે જેની વધુ જાણકારી લેવા ઈન્ચાર્જ તાલુકા આરોગ્ય




અધિકારીને ફોન પર સંપર્ક કરવા નો પ્રયત્ન કરવામાં આવેલ પણ અનિવાર્ય કારણોસર ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ડો. નિલકમલ દ્વારા જવાબ આપવામાં આવેલ નથી ત્યારે કોમ્પ્યુટર ઓપરેટર ની ગેરહાજરીમાં અન્ય ઓપરેટર ને મુકી શહેર તાલુકા ની જનતા ના આરોગ્ય ની કાળજી લેવા માં આવવી જોઈએ વડોદરા જિલ્લા આરોગ્ય અધિકારીની ડાયરીમાં ડભોઈનુ નામ ન હોવાનું આરોગ્ય ના કર્મચારીઓમાં ચર્ચાઇ રહ્યું છે.

## ટીબી રોગના દર્દીઓ માટે પૌષ્ટિક આહાર કીટ વિતરણ કરવામાં આવી

(પ્રતિનિધિ) કવાંટ, તા.03
દેશના વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલ ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત નિક્ષય મિત્ર યોજના કે જે ટીબી રોગના દર્દીઓ ને દત્તક લઇ સારવાર દરમિયાન સારા પૌષ્ટિક આહાર ની આવશ્યકતા પુરી પાડી શકે તેવા હેતુથી ટીબી રોગના દર્દીઓ ને મદદરૂપ થઈ શકે તે માટે એક દેશવ્યાપી ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે જેના ભાગરૂપે આજે કવાંટ તાલુકાના ટીબી રોગના દર્દીઓ માટે જીએમડીસી કડીપાણી ના સહયોગથી ૧૨૫ થી વધુ પૌષ્ટિક આહાર કીટ વિતરણ કરવામાં આવી હતી



જેમાં જીએમડીસી કડીપાણી ના ડીજીએમ આકાશ દિપ, આસિસ્ટન્ટ મેનેજર અજય રાઠવા,સીએસઆર મેનેજર પ્રતિક સુતરીયા, એડમિન પ્રહલાદસિંહ તોમર તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો પાઉલ વસાવા તથા જિલ્લા ક્ષય અધિકારી ડો બીએમ ચૌહાણ સહિત આરોગ્ય, જિલ્લા ટીબી એચ આઇ વી કો-ઓર્ડિનેટર વાલસિંગભાઈ રાઠવા, જિલ્લા પીપીએમ કો ઓર્ડીનેટર અશ્વીનભાઈ રાઠવા, મેડિકલ ઓફિસર ડો પંકજ રાઠવા, યેશા વસાવા અને તાલુકા ટીબી લેબોરેટરી સુપરવાઈઝર રફીકભાઇ સોની, તાલુકા ટીબી સુપરવાઈઝર અરવિંદભાઈ રાઠવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ના સુપરવાઈઝર જિતેશ રાઠવા, દેવાંગ રાઠવા, કેસરામ રાઠવા, અનિરુદ્ધ રાઠવા, પ્રવિણરાઠવા, મુકેશ રાઠવા, કૃણાલ શર્મા, સંતોષ રાઠોડ, અશ્વીન રાઠવા સહિત મોટી સંખ્યામાં ટીબી રોગના દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૌષ્ટિક આહાર કીટ વિતરણ કાર્યક્રમ નુ સુચારુ સંચાલન તાલુકા આરોગ્ય સુપરવાઈઝર રણછોડભાઈ રાઠવા કર્યું હતું.

### સવા કરોડના ખર્ચે બનેલી શાળાના બિલ્ડિંગમાં મોટી તિરાડ દેખાઇ

## ડભોઈમાં સમગ્ર શિક્ષા યોજના હેઠળ બનેલી કુમારશાળા નં. 01 જોખમી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.03
ડભોઇ નગરના મોતીબાગ વિસ્તારમાં સમગ્ર શિક્ષા યોજના હેઠળ નિર્માણ કરાયેલ કુમારશાળા નંબર 01નું નવીન બિલ્ડિંગ લોકાર્પણના ગણતરીના દિવસોમાં જ જોખમી બનતાં ભારે ચકચાર મચી છે. રૂપિયા 1.20 કરોડના ખર્ચે બાલાજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની દ્વારા બે વર્ષની જવાબદારીના કરાર હેઠળ બનાવાયેલ આ શાળા બિલ્ડિંગનો પશ્ચિમ દિશાનો એક ભાગ લગભગ બે ઈંચ જેટલો બેસી ગયો હોવાનું સામે આવ્યું છે, તેમજ તળીયાથી નળિયા સુધી મોટી તિરાડો દેખાવા લાગી છે. ઉલ્લેખનીય છે કે જૂનું શાળા બિલ્ડિંગ તોડી 14 જાન્યુઆરી 2026ના મકરસંક્રાંતિ બાદ શુભ મુહૂર્તમાં શ્રીફળ વધેરી, હારતોળા



કરી શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે, વિદ્યાર્થીઓને નવા બિલ્ડિંગમાં પ્રવેશ આપવામાં આવે તે પહેલાં જ બિલ્ડિંગની ગંભીર ખામીઓ સામે આવતાં ભૂલકાઓના જીવને જોખમ ઉભું થયું હોવાનું વાલીઓમાં ચિંતા અને આશ્ચર્ય ફેલાયું છે. રાજ્ય સરકાર દ્વારા ડભોઇ નગરમાં વિવિધ વિકાસ કામો માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે, પરંતુ આવા નિર્માણ કામોમાં થતી ગોબાચારી અને ભ્રષ્ટાચાર ઉપર દેખરેખ રાખવામાં જવાબદાર અધિકારીઓ નિષ્ફળ રહેતા હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. પરિણામે સરકારનો વિકાસનો હેતુ સિદ્ધ થતો ન હોવાની લાગણી નાગરિકોમાં જોવા મળી રહી છે.શાળાનું લોકાર્પણ થયાને હજુ પંદર દિવસ પણ થયા નથી ત્યાં બિલ્ડિંગમાં તિરાડો પડતાં ભ્રષ્ટાચારની ભૂરંગો ગાજી ઉઠી છે.

જાણવા મળ્યા મુજબ, બિલ્ડિંગનું રંગરોગાન પૂર્ણ થતાં જ કોન્ટ્રાક્ટ કંપનીને બિલની અડધાથી વધુ રકમ ચૂકવી દેવાઈ છે. જોકે હાલ વિદ્યાર્થીઓ હજુ પણ કન્યાશાળા બિલ્ડિંગમાં અભ્યાસ કરી રહ્યા છે અને નવા બનેલ કુમારશાળા નં. 01માં પ્રવેશ અપાયો નથી.

### છોટાઉદેપુર પંથકમાં 4 દિવસથી વાદળિયુ વાતાવરણ

## બેવડી ઋતુથી આંબા પરના મોર બળી જવાની ભીતિ સર્જાઈ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.03
બેવડી ઋતુ અને માવઠાના વર્તાતા એંધાણને કારણે આંબા પર ઉગેલા મોરને અસરો થતી જોવા મળી રહી છે. અને જો માવઠું થાય તો આ મોર બળી જવાની શક્યતાઓ સર્જાઈ છે. જેના કારણે કેરીની ખેતી કરતા ખેડૂતોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં ઘણા વિસ્તારો ચોમાસું ખેતી ઉપર નિર્ભર છે. જ્યારે ઘણા વિસ્તારોમાં બારેમાસ ખેતી થઈ રહી છે. તેવા વિસ્તારમાં આંબાવાડી સહિત ખેતરોમાં ખેડૂતો સીઝન દરમિયાન જુદા જુદા પાકનું વાવેતર કરે છે અને આવક મેળવે છે. ત્યારે હાલ બેવડી ઋતુનો અહેસાસ સમગ્ર વાતાવરણ ઉપર ખેતીપાકને નુકસાન થવાની શક્યતાઓના એંધાણ આપી રહ્યો છે. જ્યારે ફળોનો રાજા ગણાતી કેરીના મોર



બળી જવાની શક્યતાઓ સેવાઈ રહી છે. આકાશમાં છવાયેલા વાદળોને કારણે માવઠાના એંધાણ વાર્તાઇ રહ્યા છે. જો માવઠું થાય તો તેની સાથે ખેતરોમાં પકવેલો તુવેર અને ચણાનો પાક સડી જાય, મકાઈમાં ગાભા માર ઈયળોનો ઉપદ્રવ વધી જાય જેથી નુકસાન થવાની શક્યતાઓ છે. માવઠાના વર્તાતા એંધાણને કારણે ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે.

## ડભોઇ ગામમાં ઠેરઠેર કચરાનાઢગ ખડાકાતા આખા ગામમાં ગંદકી જ ગંદકી, નાગરિકો ત્રાહિમામ



**ડભોઇ :** ડભોઇ નગરપાલિકા દ્વારા તાજેતરમાં જ ડભોઈ ને સ્વચ્છ રાખવા દંડ અને કોર્ટ કાર્યવાહી કરવા ફરમાન કરેલ છે ત્યારે નગરજનો એક વાત કહી રહ્યા છે જેની જવાબદારી છે સફાઈ કરવા ની એ જ જયારે ગંદકી કરે તો દંડ કોને ? સફાઈ કર્મચારી ને ?, સુપરવાઈઝર ને કે પછી ચિફ ઓફિસર ને ?! ડભોઈના વેરણચાવાગા નજીક એક તરફ મહેદવીયા શાળા અને એસ.બી.આઇ બેંક આવેલ છે આ વિસ્તારમાં કચરા માટે જાગૃત નાગરિકો સફાઈ કર્મચારીઓ ને કચરા અંગે પ્રશ્ન કરે તો ઉલ્ટો જવાબ મળે છે તમારે જયાં ફરિયાદ કરવી હોય ત્યાં કરો એક ચર્ચા એમ પણ ઉઠી છે સફાઇ કર્મચારી કચરો સફાઈ કર્યા બાદ કચરાની ગાડી સમય સર આવતી ન હોવાને લઇ કચરો રોડ પર જોવા મળે છે એમ પણ બની શકે કે સંકલનનો અભાવ જોવા મળે છે ત્યારે ડભોઇ ને સ્વચ્છ રાખવા નગરપાલિકાના ચિફ ઓફિસર અને ઓ.એસે. પોતાની એ.સી. ચેમ્બર છોડી નગરની મુલાકાત લેવી જોઈએ એમ નગરજનોમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

### મહિલાને 'ડિજિટલ અરેસ્ટ' કરવાનો સાયબર ફ્રોડ નિષ્ફળ

## BOI વાઘોડિયા રોડ શાખાની સતર્કતાથી સિનિયર સિટીઝન મહિલાના 35 લાખ બચ્યા

(પ્રતિનિધિ) દાહોદ,તા.3
વડોદરા શહેરની વાઘોડિયા રોડ સ્થિત બેંક ઓફ ઈન્ડિયા (BOI) શાખાના સતર્ક સ્ટાફ અને શાખા મેનેજરની સમયસર કાર્યવાહીથી એક સિનિયર સિટીઝન મહિલાને સાયબર ઠગોના 'ડિજિટલ અરેસ્ટ' કૌભાંડમાંથી બચાવી 35 લાખ રૂપિયાની મોટી રકમ બચાવવામાં સફળતા મળી છે.

મળતી માહિતી મુજબ, તા. 31 જાન્યુઆરી 2026ના રોજ BOI વાઘોડિયા રોડ શાખાની એક સિનિયર સિટીઝન મહિલા ગ્રાહકને સાયબર ઠગોએ ફોન દ્વારા ડરાવી ધમકાવી 'ડિજિટલ અરેસ્ટ' કરી હતી. ઠગોએ મહિલાને જણાવ્યું હતું કે મુંબઈ



પોલીસ દ્વારા એક મોટી હોટલમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન મળી આવેલા આધાર કાર્ડોમાં તેમનું આધાર કાર્ડ પણ મળી આવ્યું છે. આ આધાર કાર્ડનો ઉપયોગ મની લોન્ડરિંગ, માનવ તસ્કરી, ચાઈલ્ડ ટ્રાફિકિંગ અને ચાઈલ્ડ પોર્નોગ્રાફી જેવા ગંભીર ગુનાઓમાં થયો હોવાનું કહી મહિલાને ભારે ગભરાટમાં મૂકવામાં આવી હતી. ઠગોએ મહિલાને કોઈને પણ આ બાબતની જાણ ન કરવાની કડક સૂચના આપી અને બેંક ખાતામાં રહેલી તમામ રકમ તેમના જણાવેલા ખાતામાં ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું. ભયગ્રસ્ત હાલતમાં મહિલાએ પોતાની 35 લાખ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ તોડાવવા માટે બેંકનો સંપર્ક કર્યો હતો.

બેંકમાં હાજર સ્ટાફને મહિલાનો ડરેલો ચહેરો, ચિંતા અને તણાવ જોઈ શંકા ઉદભવી. ફિક્સ ડિપોઝિટ તોડવાનું કારણ પૂછતા મહિલાએ મેડિકલ ઈમરજન્સી હોવાનું કહી વાત ટાળી હતી. જોકે, જ્યારે મહિલાએ RTGS મારફતે મોટી રકમ શંકાસ્પદ ખાતામાં ટ્રાન્સફર કરવા માટે સ્લીપ ભરી આપતાં સ્ટાફને સ્પષ્ટ થઈ ગયું કે મહિલા સાયબર ફ્રોડનો ભોગ બની છે.

તાત્કાલિક રીતે BOI વાઘોડિયા રોડ શાખાના મેનેજર જીતેશ કુમાર પાંડેએ મામલો સંભાળી લીધો. તેમણે ખૂબ જ સંયમ અને પ્રેમપૂર્વક મહિલા સાથે વાતચીત કરીને સત્ય હકીકત બહાર કાઢી. ત્યારબાદ મહિલા ગ્રાહકના મોબાઈલ પરથી મેનેજરે સાયબર ઠગો સાથે સીધી વાત કરતાં જ ઠગો પોતાની કપટ લિલા સંકેલી મોબાઈલ સ્ક્રીન પરથી ગાયબ થઈ ગયા.આ રીતે BOI વાઘોડિયા રોડ શાખાના મેનેજર જીતેશ કુમાર પાંડે અને સમગ્ર ટીમે સમયસર કાર્યવાહી કરીને સિનિયર સિટીઝન મહિલાની 'ડિજિટલ અરેસ્ટ' નિષ્ફળ બનાવી 35 લાખ રૂપિયાની રકમ બચાવી પ્રશંસનીય કાર્ય કર્યું છે. સાથે જ, સામાન્ય નાગરિકોને આવા સાયબર ફ્રોડથી સાવધાન રહેવાનો મહત્વપૂર્ણ સંદેશ પણ આપ્યો છે.

આ સમગ્ર મામલે બેંક મેનેજર દ્વારા વડોદરા સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરવામાં આવી છે. વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે છેતરપિંડી કરનાર તત્વોને ઝડપી પાડવા માટે વધુ ટેકનિકલ તપાસ હાથ ધરી છે.

### શિનોરમાં હેલોજન ચોરીનો વિવાદ વકર્યો: સામસામી ફરિયાદ

## શિનોરમાં ફરાસખાનાની લાઈટો ગુમ થવા બાબતે શરૂ થયેલી બોલાચાલી મારામારીમાં પરિણમી

(પ્રતિનિધિ) શિનોર, તા.03
શિનોરમાં તાજેતરમાં હેલોજન લાઈટ બાબતે વિવાદ બાદ એક ફરિયાદ પ્રકાશ માસ્તરે નોંધાવ્યા બાદ આજરોજ સામેવાળા અબુતાલીબ દ્વારા પણ સામે વાળા પર ફરિયાદ નોંધાતા, શિનોર પોલીસે ગુનો નોંધી તેની તપાસ પી.આઈ. જાતે કરી રહ્યા છે. શિનોર તાલુકામાં તારીખ 30 જાન્યુઆરી ના રોજ હેલોજન લાઈટોની ચોરી થયા બાબત ના વિવાદ ને લઈ એક ફરિયાદ પ્રકાશ માસ્તર દ્વારા અન્ય પાંચ વ્યક્તિ પર કરવામાં આવેલ, જેમની ધરપકડ બાદ કસ્ટડી માંથી અબુતાલિબ અબ્દુલ રાઠોડ દ્વારા સામેવાળા પ્રકાશ માસ્તર, પ્રકાશ માસ્તરનો ભાઈ, પત્ની, તથા યશ માછી અને હાર્દિક માછી ઉપર માર મારી ઈજા પહોંચાડવાની તથા મારી નાખવાની ધમકીની ફરિયાદ શિનોર પોલીસ સ્ટેશને નોંધાવતા તેની તપાસ પોલીસ ઈન્સ્પેકટર પૃથ્વીરાજસિંહ રણજીતસિંહ જાડેજા જાતે કરી રહ્યા છે. ફરિયાદી અબુતાલીબ અબ્દુલભાઈ રાઠોડ ઉંમર 26 નાની ભાગોળ,કાજીવાડ મુ.શિનોર ના લખાવ્યા મુજબ તેઓ તેમના મોટાભાઈ અબુબક્કર, પિતા અબ્દુલભાઈ ફોઈ નો દીકરો લાલો ઉર્ફે અલ્તાફ પઠાણ તારીખ 30 ના રોજ સચિનભાઈ પટેલની જીનમાં મંડપ બાંધવા ગયેલા અને કામ પતાવી 6:00 વાગે ફરિયાદી તથા તેના પપ્પા ઘરે ગયા અને લાલો અને અબુબક્કર ફરાસખાના વાળા ઘરે ગયા, અને સાત વાગે ફરિયાદી તથા તેના પપ્પા અબ્દુલભાઈ ફરાસખાના વાળા ઘરે આવતા ત્યાં ટોળુ જોયુ, જેમાં લાલાએ હેલોજન પટેલ વાડી ના ગેટે લાગેલહતી તે ત્યાં ના હોવાથી આરોપી પ્રકાશ માસ્તરના ભાઈને પૂછેલ કોઈએ લીધી હોય તો કહેજો, ત્યારે તેને બોલાચાલી કરતાં પ્રકાશ માસ્તર આવી ગયા દરમિયાન આરોપીઓએ ફરિયાદીને પકડી બાજુમાં ઉભેલા ટેમ્પામાં માથું અથાડતાં માથાના ભાગે વાગ્યું હતું. ફરિયાદી અબુતાલિબને માથામાં વાગ્યુ હોવાથી મોટા ફોફળિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર કરાવતા માથાના ભાગે ત્રણ ટાંકા આવેલા હતા. આ ઝઘડા નું મુખ્ય કારણ ફરાસખાનાની હેલોજન લાઈટના ગુમ થવા બાબતે પૂછતાછ કરવાથી થયું હતું.